THIS IS A NEW SPECIFICATION

**ADVANCED SUBSIDIARY GCE**

# GUJARATI

**F883**

Listening, Reading and Writing 1

Candidates answer on the question paper

**OCR Supplied Materials:**
- Special Sheet (inserted)
- Cassette/CD

**Other Materials Required:**
None

**Wednesday 20 May 2009**
**Afternoon**

**Duration:** 2 hours 30 minutes

| Candidate Forename | | Candidate Surname | |
|---|---|---|---|

| Centre Number | | | | | | Candidate Number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name clearly in capital letters, your Centre Number and Candidate Number in the boxes above.
- Use black ink.
- Read each question carefully and make sure that you know what you have to do before starting your answer.
- Answer **all** the questions.
- Do **not** write in the bar codes.
- Write your answer to each question in the space provided, however additional paper may be used if necessary.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper:
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing.**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

| Examiner's Use Only: | |
|---|---|
| Section A | |
| Section B | |
| **Total** | |

© OCR 2009 [H/500/8403]
DC (SJF5074/TL) 10948/4

OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણબોધન** **[૧૨ ગુણ]**

**કામનો અનુભવ**

**વાર્તાલાપ સાંભળી સવાલોના જવાબ લખો.**

**અ) નીચે આપેલા દરેક ખાના માટે જે સાચું હોય તેનો નંબર લખો.**

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| જોડાણ | અંગ્રેજી | રસ | યોગ્ય |
| | | | |

**[૪]**

કામનો અનુભવ લેવાથી.......

૧. વિદ્યાર્થીને ભાષાની અગત્ય સમજાય છે.

૨. વિદ્યાર્થી નોકરી અને શિક્ષણને સાંધી શકે છે.

૩. વિદ્યાર્થીને માફક આવતા કામનો ખ્યાલ આવે છે.

૪. વિદ્યાર્થી સહકર્મચારીઓની લાગવગ વાપરી શકે છે.

૫. વિદ્યાર્થીને ગમતા હોય તે કામના વિભાગો સ્પષ્ટ થાય છે.

© OCR 2009

બ) સાચા જવાબના ચોકઠામાં ચિહ્ન (✓) કરો.

(ચ) કારકિર્દીના સલાહકાર વિદ્યાર્થીઓને...

ક પાર્ટ-ટાઇમ નોકરી શોધી આપે છે. ☐

ખ આ યોજનાના લાભ જણાવે છે. ☐

ગ પરદેશમાં કામ વિશે માહિતી આપે છે. ☐

(છ) કામનો અનુભવ લેવાથી વિદ્યાર્થીઓને...

ક પૈસા વાપરવાની છૂટ મળે છે. ☐

ખ પૈસા કમાનારની મુશ્કેલીઓ સમજાય છે. ☐

ગ જરૂરી શિક્ષણ મેળવવાનો ખ્યાલ આવે છે. ☐

(જ) કામ પર સાથે કામ કરનારા ...

ક વિદ્યાર્થીઓને આડકતરી રીતે મદદરૂપ બને છે. ☐

ખ વિદ્યાર્થીઓનો ગેરલાભ ઉઠાવે છે. ☐

ગ વિદ્યાર્થીઓને ખોટી આદતો શિખવે છે. ☐

(ઝ) કામના અનુભવથી ...

ક કેવી પરિસ્થિતિમાં કામ કરવું ફાવે તે સમજાય છે. ☐

ખ પેઢી પાસેથી ઓછા ભાવે વસ્તુ ખરીદી શકાય છે. ☐

ગ માબાપ પાસેથી પૈસા માંગવા ન પડે. ☐

© OCR 2009

(ટ) કામના અનુભવથી...

ક વિદ્યાર્થીના માતાપિતાને આનંદ થાય છે.

ખ વિદ્યાર્થીની નવી ટેવો અને અભિપ્રાયો વિકસે છે.

ગ વિદ્યાર્થીને ભણવામાં થોડીક તકલીફ પડે છે.

(ઠ) કામનો અનુભવ...

ક વિદ્યાર્થીની જાહેર છાપ સુધારે છે.

ખ વિદ્યાર્થીની કાબેલિયતમાં ઉમેરો કરે છે.

ગ વિદ્યાર્થીની બચતમાં વધારો કરે છે.

(ડ) સલાહકારના કહેવા પ્રમાણે, કૌશલ્યમાં વધારો થવાથી...

ક વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ વધે છે.

ખ વિદ્યાર્થીને રોજગારી મેળવવામાં મદદ મળે છે.

ગ વિદ્યાર્થી વધારે ઝડપથી કામ કરી શકે છે.

(ઢ) કામના અનુભવથી વિદ્યાર્થીનું ....

ક પૈસા પ્રત્યે વલણ બદલાશે.

ખ શિક્ષણ પ્રત્યે વલણ બદલાશે.

ગ નવરાશના સમય પ્રત્યે વલણ બદલાશે.

[૮]

© OCR 2009

સવાલ ૨ : શ્રવણબોધન [૧૩ ગુણ]

### નવરાશની પ્રવૃત્તિ

**સ્વગત ભાષણ સાંભળો અને દરેક ખાલી જગ્યામાં (ક. થી ઢ.) યોગ્ય શબ્દ લખો.**
**ધ્યાન રાખો / ચેતવણી: દરેક શબ્દ માત્ર એકવાર વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| આનંદ | કુદરતી | પરવા | પૈસા | ફરફર |
| ફૂરસદ | બીક | મન | મસ્ત | મોટેરા |
| રેલ | લહેજત | વહેણ | શિશુઓ | સંતોષ |
| સ્વરૂપો | સ્વાસ્થ્ય | સૌરભ | | |

સાવનને (ક) .................. મળે ત્યારે ઘણી પ્રવૃત્તિઓ કરે છે. તેને કોઇ પણ સમયે (ખ) .............. બનીને ફરવાની બહુ જ મજા આવે છે. તેને નોકરીધંધાની (ગ) ............. કર્યા વિના પ્રકૃતિની સુંદરતાની મજા લેવી પસંદ છે. પક્ષીઓના મધુર અવાજો અને સરકતા (ઘ) .............. ના સંગીતને સાંભળતા તેને (ચ) ...........થાય છે. તેને મોસમના અલગ અલગ (છ) .......... જોતાં મનોરંજન મળે છે. વર્ષાની (જ) ................. થી અને વસંતની (ઝ) ............... થી સાવનને ખૂબ મજા પડે છે. બગીચામાં (ટ) ........... ને ખેલકૂદ કરતાં જોઇને એનામાં રહેલો બાળક સજીવન થાય છે. ક્યારેક વાદળોમાંથી ચળાઇને આવતા સૂરજના કિરણોની (ઠ) .................. લે છે. (ડ) ................ વાતાવરણમાં ફરવાથી આપણા (ઢ) ............ પરનું દબાણ હળવું થાય છે અને આપણા (ણ) ............. ને લાભ થાય છે.

© OCR 2009

**Task 3: Listening**

**TRANSPORT**

**Listen to the speech and answer the following questions IN ENGLISH.** **[15 marks]**

**(a)** State **two** advantages of transport in present day life.

..........................................................................................................................................

.................................................................................................................................... **[2]**

**(b)** Compare types of transport used in India with the types of transport used in Britain.

..........................................................................................................................................

..........................................................................................................................................

.................................................................................................................................... **[3]**

**(c)** Compare the use of bicycles in India and in Britain.

..........................................................................................................................................

..........................................................................................................................................

.................................................................................................................................... **[3]**

**(d)** Why do people in Britain make use of private vehicles more than public transport?

..........................................................................................................................................

.................................................................................................................................... **[2]**

**(e)** Give **two** reasons why people in developing countries use public transport more than private vehicles.

..........................................................................................................................................

.................................................................................................................................... **[2]**

**(f)** How are different groups of people in Britain encouraged to use public transport?

..........................................................................................................................................

..........................................................................................................................................

.................................................................................................................................... **[3]**

© OCR 2009

**Task 4: Writing**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

**Your cousin has drafted a short e-mail in English. She/he has asked you to put it into Gujarati. You do not have to translate word for word but you should include all the information.**

| |
|---|
| I will arrive at Amdavad airport on 28th July. |
| Could you please arrange a taxi to take me to my hotel. |
| Could you please send me information about public transport in Amdavad. |
| A week later I am travelling to Porbandar to stay with my relatives. |
| Is it possible to book a sleeper car for an overnight journey and the use of a car in Porbandar? |

**નમસ્તે,**

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

...............................................................................................................................................

**ધન્યવાદ**

**Section A Total: 60 marks**

© OCR 2009

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

### સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ

વસુધા: આપણા સમાજમાં બે પ્રકારના પરિવારો જોવા મળે છે, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ. દરેક પરિવાર તેમની આર્થિક પરિસ્થિતિ, કામધંધાની સગવડ, વગેરે વ્યક્તિગત કારણોને ધ્યાનમાં લઇ સંયુક્ત કુટુંબ અથવા વિભક્ત કુટુંબમાં જીવવાનું પસંદ કરે છે. જો કે વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબ બંનેમાં જીવવાના ફાયદા અને ગેરફાયદા છે.

માસૂમા: સંયુક્ત કુટુંબમાં રહેવાના ઘણા ફાયદા છે. પરસ્પરનો ખ્યાલ રખાય એટલે આપણે સ્વકેન્દ્રી બનતા નથી. એકબીજાને મદદરૂપ બની શકાય છે. ઘરડાં, બીમાર, બેરોજગારને નૈતિક કે આર્થિક સહાય આપી શકાય. નાના બાળકોનો ઉછેર અને તેમનામાં સંસ્કારોનું સિંચન દાદા-દાદીને હાથે જ થાય. એક ઘરમાં બધાં સાથે રહે તો એકંદરે ઘરખર્ચ પણ ઓછો આવે.

કેતન: ના, હું વિભક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કરૂં. વિભક્ત કુટુંબમાં આપણે આપણી ઇચ્છા મુજબ જીવી શકીએ, કોઇની રોકટોક નહીં કે કોઇ સાથે ઝઘડા થવાની ચિંતા નહીં. આપણને બીજા પર આધાર રાખવાની ટેવ ન પડે એટલે આપણે સ્વાવલંબી બનીએ. આ દેશમાં આપણે નિવૃત્તિ ભથ્થાની અગાઉથી જોગવાઇ કરીએ છીએ તેમ બીમારી અને બેકારીના સમયની સમસ્યા હલ કરવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં પણ વિભક્ત કુટુંબો સારી રીતે જીવન જીવે જ છે.

કેવિન: મને તો સંયુક્ત પરિવારમાં રહેવાનું ગમે. એક ઘરમાં બધાં સાથે રહેતા હોય એટલે તમે ક્યારેય એકલા ન પડો અને જો ક્યારેક તમને એકાંતની જરૂર હોય તો આમેય તમારો પોતાનો ઓરડો તો હોય જ છે. આપણે કોલેજથી કે કામ પરથી ઘરે પાછા આવીએ ત્યારે ઘરે આપણા દાદા-દાદી કે કાકા-કાકી આપણને આનંદથી આવકારે તો કેવું સારું લાગે! એમનો લાગણીમય આવકાર મળતાં જ આખા દિવસનો થાક ઊતરી જાય!

મનજિત: મને નથી લાગતું કે પરિવારમાં રહેવા માટે કોઇ એક જ પધ્ધતિ યોગ્ય છે. જ્યાં સુધી કુટુંબના સભ્યોમાં પરસ્પર સમભાવ હોય, એકબીજાને મદદરૂપ થવાની ભાવના હોય તો તમે એક છાપરા નીચે રહો કે અલગ રહો, કૌટુંબિક ભાવનાને કોઇ ઠેસ પહોંચતી નથી. ક્યારેક સાથે રહેવાથી સંબંધો બગડે છે તો કયારેક દૂર રહેવાથી સંબંધો સારા રહેવાના પણ દાખલા જોવા મળે છે.

***તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.***

© OCR 2009

[૧૦ ગુણ]

સવાલ ૫(અ)

ઉપરનો ફકરો વાંચી તે કોનો અભિપ્રાય છે તે વ્યક્તિને અનુરૂપ ખાનામાં (✓) ચિહ્ન મૂકો. ફક્ત દસ ખાનામાં ચિહ્ન કરવાના છે. જો દસથી વધારે ચિહ્ન કરશો તો પૂરા ગુણ નહિ મળે.

ફક્ત <u>દસ</u> ખાનામાં ચિહ્ન કરો.

| | | વસુધા | માસૂમા | કેતન | કેવિન | મનજિત |
|---|---|---|---|---|---|---|
| દાખલો | સંયુક્ત કુટુંબ પ્રથા જ શ્રેષ્ઠ છે. | | ✓ | | ✓ | |
| ક | સંયુક્ત કુટુંબમાં આર્થિક રીતે બચત થાય છે. | | | | | |
| ખ | સંયુક્ત કુટુંબમાં આપણે બીજા પર આધાર રાખતા બની જઇએ છીએ. | | | | | |
| ગ | સંયુક્ત કુટુંબમાં વડીલોની હાજરી આશીર્વાદરૂપ બની રહે છે. | | | | | |
| ઘ | વિભક્ત કુટુંબમાં પણ આપણે માંદગી અને બેરોજગારીના પ્રશ્નો ઉકેલી શકીએ છીએ. | | | | | |
| ચ | કુટુંબીજનોમાં એકબીજા માટે એકસરખી મમતા હોય તો કોઇપણ કુટુંબપ્રથા યોગ્ય છે. | | | | | |
| છ | દરેક કુટુંબ પોતપોતાના ઉદ્દેશને ખ્યાલમાં રાખી સંયુક્ત કે વિભક્ત કુટુંબમાં જીવન ગાળે છે. | | | | | |
| જ | વિભક્ત કુટુંબમાં કજિયા-કંકાસ થતા નથી. | | | | | |
| ઝ | વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબ બંનેમાં રહેવાના લાભ અને ગેરલાભ છે. | | | | | |

© OCR 2009

**સવાલ ૫(બ)** **[૧૦ ગુણ]**

**નીચે આપેલા લેખનમાં ઉપરના લેખ પ્રમાણે યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.**

કોઈપણ (ક) .............. ના પરિવારમાં રહેવાના લાભ અને ગેરલાભ છે. સંયુક્ત પરિવારમાં

એકબીજાની કાળજી લેવાય છે એટલે આપણે (ખ) .................... ઓછા હોઈએ છીએ.

કુટુંબના વૃધ્ધો, (ગ) ................. અને (ઘ) .................... સભ્યોને નાણાકીય મદદ મળી શકે છે.

વિભક્ત પરિવારમાં રહીએ તો બીજાનો ટેકો લેવાની આદત પડતી નથી તેથી આપણે

(ચ) ................. જીવન જીવી શકીએ અને માંદગી અને બેરોજગારીના વખતના પ્રશ્નને ઉકેલવાની

(છ) ................. કરવામાં આવી છે. આપણે સંયુક્ત કુટુંબમાં રહીએ તો (જ) ..............

ના લાગે અને આપણે થોડો સમય એકલા રહેવું હોય તો આપણે આપણા (ઝ) .............. માં જતા રહીએ તો

કોઈની રોકટોક નહીં. સંયુક્ત કુટુંબમાં રહેવાનો ફાયદો એ છે કે જીવન થોડું (ટ) ......................... રહે છે

તેમ છતાં કોઈક વખત (ઠ) ..................... થવાની શક્યતા રહે છે.

***તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ ‘ઈન્સર્ટ શીટ’ પર આપી છે.***

© OCR 2009

સવાલ ૬: વાચન

[૨૦ ગુણ માહિતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં / લેખમાંના લાંબા કે આખા વાકયોની નકલ કર્યા વિના, લખો.**

## સચિન તેંડુલકર

સચિન તેંડુલકરનો જન્મ મુંબઇના બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. સચિનના પિતાજી, રમેશ તેંડુલકર જાણીતા લેખક હતા. રમેશ તેંડુલકરે તેમના માનીતા સંગીતકાર સચિન દેવ બર્મનના નામ પરથી પોતાના દીકરાનું નામ સચિન રાખ્યું હતું.

સચિનના મોટાભાઇ અજિત તેંડુલકરે તેને ક્રિકેટ રમવા માટે ઉત્તેજન આપ્યું હતું. સચિને શારદાશ્રમ વિદ્યામંદિર શાળામાં અભ્યાસ કર્યો હતો, જ્યાંથી એની કારકિર્દીના આરંભમાં સચિન બોલર બનવાની તાલીમ લેતો હતો ત્યારે તેના તાલીમ આપનારે તેને ફક્ત બેટિંગ પર ધ્યાન આપવાની સલાહ આપી હતી, જેને પરિણામે હર સમયના સૌથી કુશળ બેટધારીઓમાંનો એક એવો સચિન સફળતાની ટોચે પહોંચ્યો હતો.

નિશાળની એક રમતમાં સચિને એના મિત્ર વિનોદ કાંબલી સાથેની ભાગીદારીમાં ૬૬૪ રન કર્યાનો વિક્રમ સર્જયો હતો. આ વિનાશક જોડીની ભાગીદારીએ એક ખેલાડીની આંખોમાં આંસુ લાવી દીધા હતા અને બીજા પ્રતિસ્પર્ધીઓને રમત ચાલુ રાખવા માટે નાઉમેદ કરી દીધા હતા! આ દાવમાં સચિને ૩૨૦થી વધારે અને સ્પર્ધામાં એક હજારથી વધારે રન કર્યા હતા. ક્રિકેટના કોઇપણ રૂપમાં, આ ભાગીદારીએ ૨૦૦૬ સુધી વિક્રમ રાખ્યો હતો.

જ્યારે સચિન ૧૪ વર્ષની ઉંમરનો હતો ત્યારે ધરખમ બેટધર સુનિલ ગાવસ્કરે વાપરેલા પોતાના અત્યંત હળવા પેડ્ઝ (ક્રિકેટ રમતી વેળા પહેરવાના) તેને ભેટ આપ્યા હતા. તે સમયે સુનિલ ગાવસ્કર ભારતીય ક્રિકેટનો બાદશાહ હતો અને તે સચિનની પ્રેરણામૂર્તિ હતો. લગભગ બે દાયકા બાદ સચિને જણાવ્યુ હતું કે એ ભેટનો પ્રસંગ એને ઉત્તેજન આપવા માટે સૌથી મહાન પ્રસંગ હતો. ૧૫ વરસની ઉંમરે સચિન આંતરપ્રાંતીય સ્પર્ધામાં ૧૦૦ રન કરનાર સૌથી નાનો ખેલાડી હતો.

સચિન બંને હાથે કુશળતાથી કામ કરનાર, ઉભયગુણી છે, એટલે કે એ જમણે હાથે બેટિંગ કરે છે, બોલિંગ કરે છે અને ડાબા હાથે લખવાનું પસંદ કરે છે. સચિનના લગ્ન ૧૯૯૫માં ગુજરાતના એક જાણીતા ઉદ્યોગપતિની દીકરી અંજલિ સાથે થયા હતા. ક્રિકેટની રમતમાં અતિ વ્યસ્ત રહેવા છતાં સચિન પોતાના કુટુંબ માટે મહત્વનો સમય ફાળવે છે. સચિન ઘણીવાર ભારતીય કેપ્ટન સાથે ચર્ચા કરવામાં અને વ્યૂહ રચવામાં સંકળાયેલો જોવા મળે છે.

***તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.***

© OCR 2009

**સવાલો.**

**(ક) સચિન તેંડુલકરનો જન્મ કયા દેશમાં અને કેવા કુટુંબમાં થયો હતો?**

(i) ........................................................................................................................ **[૧]**

(ii) ........................................................................................................................ **[૧]**

**(ખ) સચિનના પિતાજીનો વ્યવસાય શો હતો?**

........................................................................................................................ **[૧]**

**(ગ) રમેશ તેંડુલકરે પોતાના દીકરાનું નામ 'સચિન' શા માટે પાડયું?**

........................................................................................................................ **[૧]**

**(ઘ) અજિત કોણ છે? તેનો ફાળો સચિનના જીવનમાં શા માટે નોંધપાત્ર ગણાય છે?**

(i) ........................................................................................................................ **[૧]**

(ii) ........................................................................................................................ **[૧]**

**(ચ) સચિન શા કારણે સફળતાની ટોચે પહોંચ્યો?**

........................................................................................................................ **[૧]**

**(છ) સચિન અને વિનોદની હિસ્સેદારી કયા કયા ત્રણ કારણોને લીધે યાદગાર બની રહી હતી?**

(i) ........................................................................................................................ **[૧]**

(ii) ........................................................................................................................ **[૧]**

(iii) ........................................................................................................................ **[૧]**

© OCR 2009

(જ) સચિન માટે હલકા પેડ્ઝની ભેટ શા માટે એ સમયે મહત્વની હતી? અને સચિન પર આ ભેટની શું અસર થઇ હતી?

(i) ........................................................................................................................................[૧]

(ii) ........................................................................................................................................[૧]

(ઝ) ૧૫ વરસની ઉંમરે સચિને કયો વિક્રમ સર્જ્યો હતો? **ત્રણ** વિગતો આપો.

(i) ........................................................................................................................................[૧]

(ii) ........................................................................................................................................[૧]

(iii) ........................................................................................................................................[૧]

(ટ) લેખક ઉભયગુણી શબ્દનો શો અર્થ કરે છે? સચિન ઉભયગુણી છે તે બતાવતા **ત્રણ** દાખલા આપો.

(i) ........................................................................................................................................[૧]

(ii) ........................................................................................................................................[૧]

(iii) ........................................................................................................................................[૧]

(ઠ) સચિનના કૌટુંબિક જીવન વિશે બે દાખલા આપો.

(i) ........................................................................................................................................[૧]

(ii) ........................................................................................................................................[૧]

***તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.***

© OCR 2009

**સવાલ ૭: લેખન**

**નીચેનો લેખ વાંચો અને સવાલોના જવાબ <u>ગુજરાતીમાં</u> લખો. સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખાયેલા હોવા જોઇએ. લેખમાંના એક સાથે ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.**

**યુગ યુગનો સંદેશવ્યવહાર**

ભૂતકાળમાં માહિતી પ્રસારણ ખૂબ મુશ્કેલ હતું. અગત્યની માહિતી પથ્થરમાં કોતરવામાં આવતી હતી. પરંતુ અનેક લોકોને માહિતી પહોંચાડવા માટે સંદેશાવાહકની જરૂર રહેતી અને તેને ગામના ચોકમાં મોટેથી વાંચી સંભળાવવામાં આવતી. પ્રાચીનકાળની માત્ર લેખિત માહિતી જળવાઇ રહી છે. માહિતીના પ્રકારો તો આજના જેવા જ હતા દા. ત. સમાચારો, આગામી બનાવો, કાયદાઓ અને જાહેરાતો સુધ્ધાં.

અત્યારે સમાચારોના પ્રસારણ માટે અને જાહેરાત કરવા માટે ટેલિવિઝન, રેડિયો, સમાચારપત્રો, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન, વગેરે અનેક માધ્યમોનો ઉપયોગ થાય છે. ટેલિવિઝન પર યોગ્ય સમયે, યોગ્ય વિસ્તારોમાં અને ઇચ્છિત દર્શકવર્ગ માટે માલ કે સેવાની જાણ કરવા કે શિક્ષણ અને મનોરંજન પૂરું પાડવાની સગવડ મળે તો જનતા પર વિપુલ પ્રમાણમાં પ્રભાવ પાડી શકાય છે.

રેડિયો મારફતે માહિતી, સમાચારો અને જાહેરાતોનું પ્રસારણ એકંદરે અસરકારક હોય છે, તેમ છતાં રેડિયો પર વસ્તુને બતાવી શકાતી નથી કે એના વિશે ઝાઝી વિગતો આપી શકાતી નથી તેથી રેડિયોના માધ્યમની અસરો પણ મર્યાદિત હોય છે. વર્તમાનપત્રોમાં ઓછા ખર્ચે સ્થાનિક જનતાને માહિતી પહોંચાડી શકાતી હોવા છતાં, એની ટૂંકી મુદત, કંગાળ નકલો અને વાચકોની અપૂરતી સંખ્યાને લીધે આ માધ્યમની અસરો પણ મર્યાદિત હોય છે.

**સવાલ ૭.અ. તમારી પોતાની ભાષા વાપરી ઉપરના લેખને આધારે સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

ભૂતકાળના અને વર્તમાનકાળના સંદેશાવ્યવહારની પધ્ધતિઓમાં કઇ કઇ ભિન્નતાઓ છે?

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**

**સવાલ ૭.બ. હવે તમારા પોતાના અભિપ્રાયો આપો.**

સંદેશાવ્યવહારના જુદા જુદા પ્રકારના ઉદ્દેશો, સિધ્ધિઓ અને મર્યાદાઓ કયા કયા છે?

**[લેખ માટેનો જવાબ: ૨૦ ગુણ]**

**[ભાષાની ગુણવત્તા: ૧૦ + ૧૦ ગુણ]**

**[કુલ: ૫૦ ગુણ]**

© OCR 2009

૭.અ. તમારી પોતાની ભાષા વાપરી ઉપરના લેખને આધારે સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.

ભૂતકાળના અને વર્તમાનકાળના સંદેશાવ્યવહારની પધ્ધતિઓમાં કઇ કઇ ભિન્નતાઓ છે?

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

...............................................................................................................................................................

© OCR 2009

૭. બ. હવે તમારા પોતાના અભિપ્રાયો આપો.

સંદેશાવ્યવહારના જુદા જુદા પ્રકારના ઉદ્દેશો, સિધ્ધિઓ અને મર્યાદાઓ કયા કયા છે?

© OCR 2009

**Section B Total: 100 marks**

**Paper Total: 160 marks**

© OCR 2009

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2009

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2009

